Textile Graph : SURAT : Weekly
RNI Reg. No. GUJBIL / 2000 / 1498
Published in Gujarati-Hindi from Surat

1994 25 YEARS 2018 OF TEXTILE JOURNALISM

# Textile Graph
# ટેક્સટાઈલ ગ્રાફ

Postal Licence : SRT - 609 / 2018-2020.
Valid Upto 31-12-2020
Posted from Surat RMS 0n Wednesday

www.textilegraph.com
E.mail: amrish.r.bhatt@gmail.com
Editor : Amrish R. Bhatt
E.mail:textilegraph_editor@yahoo.com
E.mail:editor.textilegraph@gmail.com

Phones : (0261) 2278787
Mobiles : 99798 73343, 98251 18176 | 10th - 16th April, 2019 | Combined Year : 25, Issue : 13 | Price : ₹ 12/- Total Pages : 8







ભારતમાં વોર્પ પ્રિપેરેશન મશીનો તેમજ વોર્પ નીટીંગ ઉદ્યોગમાં એક ક્રાંતિકારી કદમ

## Karl Mayer, Rabatex Inustries તેમજ A.T.E. દ્વારા સંયુક્ત સાહસનાં કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર: સ્વતંત્ર કંપનીની રચના થઇ

સુરત,

ભારતનાં કાપડ ઉદ્યોગમાં ઐતિહાસીક કહી શકાય તેવાં પગલાં દ્વારા વિશ્વની ત્રણ ખ્યાતનામ કંપનીઓ Karl Mayer, Rabatex Industries તેમજ A.T.E. દ્વારા એક સંયુક્ત ઔદ્યોગીક સાહસનાં કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે અને કાયદાકીય રીતે સ્વતંત્ર એવી કંપની Karl Mayer Textile Machinery India Private Limitedની સ્થાપના કરવામાં આવી જેનું મુખ્ય મથક મુંબઈ ખાતે અને પ્રોડક્શનની સવલતો અમદાવાદ ખાતે રહેશે.




નવી સ્થપાયેલી કંપનીનાં મુખ્ય શેરહોલ્ડર Karl Mayer

**ઘણાં વર્ષોથી Karl Mayerનાં ડીસ્ટ્રીબ્યુટર્સ તરીકે કાર્યરત છે તે A.T.E. કંપનીનાં મેનેજિંગ ડીરેક્ટર અનુજ ભગવતીએ જણાવ્યું હતું કે, ''Karl Mayer સાથેનાં સંબંધો વધુ ગાઢ બનાવતાં અને Rabatex Industries સાથેનાં સંબંધોની એક નવી શરૂઆત અને આ નવા સંયુક્ત સાહસથી અમે ખૂબ ગર્વની લાગણી અનુભવીએ છીએ.**

છે અને આ નવી કંપનીનું સંચાલન કરવાની જવાબદારી તેની રહેશે. નવી Karl Mayer Textile Machinery India Private Limited કંપની પોતાનું સંપૂર્ણ ધ્યાન મુખ્યત્વે ભારતીય બજાર માટે વોર્પ પ્રિપેરેશન મશીનો તેમજ ક્રિલનું ઉત્પાદન તેમજ વેચાણ કરવા તેમજ વોર્પ પ્રિપેરેશન અને વોર્પ નિટીંગ મશીનોનાં સ્પેરપાર્ટસનું ઉત્પાદન કરવા તેમજ સર્વિસ પર કેન્દ્રિત કરશે.

નવી સ્થપાયેલી કંપની કે સંયુક્ત સાહસ છે તેનાં માધ્યમથી સહયોગી ભાગીદાર કંપનીઓ ભારતીય બજાર અને ઉદ્યોગમાં પોતાની સ્થિતિ અને વિતરણને વધુ મજબુત કરવાનું લક્ષ રાખે છે. આ ઉપરાંત તેનો



હેતુ પોતાની વર્તમાન ક્ષમતા અને સંયુક્ત ક્ષમતાનો ખાસ કરીને પરચેઝ (ખરીદી) અને ગ્રાહક સેવા માટે સદઉપયોગ કરવાનો છે.

ભારતમાં વોર્પ પ્રિપેરેશન મશીનો તેમજ વોર્પ નીટીંગ ઉદ્યોગમાં એક ક્રાંતિકારી કદમ સમાન આ ત્રણ સર્વોચ્ચ કંપનીઓનાં સંયુક્ત સાહસ અંગેની વધુ માહિતી આપતાં Karl Mayer નાં સીઈઓ Arno Gartner નાં જણાવે છે કે, ''અમારી આંતરરાષ્ટ્રીય સંસ્થાનાં વધુ વિકાસ તેમજ કાપડ ઉદ્યોગમાં પ્રમાણિત થયેલાં અમારા મશીનો અને ટેક્નોલોજી દ્વારા અમે અમારા વિશાળ ગ્રાહકવર્ગની સફળતા માટે અતિ મહત્વનું યોગદાન આપવા કટિબધ્ધ છીએ. અમે આ સંયુક્ત ઔદ્યોગિક સાહસ માટે ગર્વની લાગણી અનુભવીએ છીએ. અમારી શક્તિમાં વૃધ્ધિ કરીને અમે ગ્રાહકોની વધુ નજીક પહોંચીશું અને વધુ સારી સેવાઓ આપી શકીશું.''

Karl Mayer Group નાં વોર્પ પ્રિપેરેશન બિઝનેસ યુનીટનાં પ્રેસીડેન્ટ Roland Kohn જણાવે છે કે,''આ સંયુક્ત સાહસમાં Karl Mayer અને Rabatex Industries નું વિશેષ યોગદાન વોર્પ પ્રિપેરેશન મશીનનાં ક્ષેત્રમાં મહત્વની ટેક્નીકલ જાણકારીનાં આદાનપ્રદાનનું રહેશે. બંન્ને કંપનીઓ વોર્પ પ્રિપેરેશન મશીનરીનાં ક્ષેત્રમાં મહત્વનાં ખેલાડીઓ છે.'' Karl Mayerની પોતે જેજે ક્ષેત્રોમાં કાર્ય કરી રહી છે તેમાં વિશ્વની સૌથી અગ્રણી, શ્રેષ્ઠ અને નાવીન્યપૂર્ણ કંપની તરીકેની ઓળખાણ ધરાવે છે.

A.T.E. એવી કંપની છે જે દેશ અને દુનિયાનાં કાપડ ઉદ્યોગની ખૂબ નજીક છે અને ગાઢ રીતે સંકળાયેલી છે જેની સૌથી મોટી તાકાત તેનો વિશાળ ગ્રાહક વર્ગ છે. કંપની ઘણાં વર્ષોથી Karl Mayerનાં ડીસ્ટ્રીબ્યુટર્સ તરીકે કાર્યરત છે તે A.T.E. કંપનીનાં મેનેજિંગ ડીરેક્ટર અનુજ ભગવતીએ જણાવ્યું હતું કે, ''Karl Mayer સાથેનાં સંબંધો વધુ ગાઢ બનાવતાં અને Rabatex Industries સાથેનાં સંબંધોની એક નવી શરૂઆત અને આ નવા સંયુક્ત સાહસથી અમે ખૂબ ગર્વની લાગણી અનુભવીએ છીએ.

આ દિશામાં મહત્વનું કદમ ભરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપવા બદલ અમે ઘણાં માનવંતા ગ્રાહકોનો અમે આભાર માનીએ છીએ અને અમને આશા છે કે અમે તેમની વધુ સારી રીતે સેવા કરી શકીશું.'

નવી સ્થપાયેલી કંપની Karl Mayer Textile Machinery India Private Limited નાં મેનેજિંગ ડીરેક્ટર પવન કુમાર સીંઘ પોતાની વાત ઉપર ભાર મુકતાં જણાવે છે કે, ''અમે ભારતમાં નેતૃત્વ કરવા માટે ખૂબ પ્રયત્નશીલ છીએ અને ભારત સરકારનાં 'મેક ઈન ઈન્ડીયા' ઉમદા પ્રયાસોને ટેકો આપીએ છીએ. વોર્પ પ્રિપેરેશન મશીનનાં ક્ષેત્રમાં અમારી ટેકનીકલ જાણકારી અને અમારાં સંશાધનોનાં સરવાળાથી દેશમાંનાં અમારા ગ્રાહકોને સ્પર્ધાત્મક બનવાની દિશામાં જવા માટે ઉત્પાદનથી લઈને ગ્રાહક સેવા અને જરૂરી

**Rabatex Industries આ સંયુક્ત સાહસ થકી નવી ક્ષમતા પ્રાપ્તિથી વધુ આત્મવિશ્વાસ અને નવા સંબંધોનો અનુભવ કરશે. વોર્પ પ્રિપેરેશન મશીન અને ટેક્નાલોજીનાં ક્ષેત્રે વિશ્વની અગ્રણી કંપની કંપની Karl Mayer સાથેનાં નવા વ્યાપારી સંયુક્ત સાહસનાં પગલે Rabatex Industries કંપની ખૂબજ ગર્વ અને આનંદની લાગણી અનુભવે છે.**

સપોર્ટનાં દિશામાં જવા સહયોગ પ્રાપ્ત થશે.''

Rabatex Industries આ સંયુક્ત સાહસ થકી નવી ક્ષમતા પ્રાપ્તિથી વધુ આત્મવિશ્વાસ અને નવા સંબંધોનો અનુભવ કરશે. વોર્પ પ્રિપેરેશન મશીન અને ટેક્નાલોજીનાં ક્ષેત્રે વિશ્વની અગ્રણી કંપની કંપની Karl Mayer સાથેનાં નવા વ્યાપારી સંયુક્ત સાહસનાં પગલે Rabatex Industries કંપની ખૂબજ ગર્વ અને આનંદની લાગણી અનુભવે છે.

## દેશમાં મંદ ગતિએ ઉત્પાદન થતાં માર્ચ મહિનામાં ઉદ્યોગ-ફેક્ટરી ઉત્પાદન છ મહિનાના તળિયે : માંગમાં ઘટાડો

નવી દિલ્હી,

ઓછા ઓર્ડર અને ઉત્પાદન મંદ ગતિએ વધતાં દેશનો ઉત્પાદન ઉદ્યોગ માર્ચમાં છ મહિનાની નીચલી સપાટીએ પહોંચ્યો હતો. જોકે, એકંદર ફેક્ટરી કામકાજ ત્રિમાસિક દ્દષ્ટિએ સારું રહ્યું હતું.

નિક્કી મેન્યુફેક્ચરિંગ પર્ચેસિંગ મૅનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) માર્ચમાં છ મહિનાની નીચલી સપાટીએ



૫૨.૬ હતો, જે ફેબ્રુઆરીમાં ૫૪.૩ હતો. ૫૦ પોઈન્ટ્સથી ઉપર વિસ્તરણને સંકોચનથી દૂર રાખે છે. પીએમઆઈ સતત ૨૦મા મહિને ૫૦ પોઈન્ટ્સની ઉપર રહ્યો છે.

વર્ષ ૨૦૧૯ના પહેલા ત્રણ મહિનામાં ફેક્ટરી કામકાજ છ વર્ષની ત્રિમાસિક સરેરાશ દરની સરખામણીએ સૌથી વધુ રહ્યું હતું. એચઆઈએસ માર્કિટના પ્રિન્સિપાલ ઈકોનોમિસ્ટ પોલીયાના ડી લીમાએ કહ્યું કે, ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર માર્ચમાં મંદ રહ્યું હતું. ફેક્ટરી ઓર્ડર, ઉત્પાદન, નિકાસ, આંતરિક ખરીદી અને કર્મચારીઓમાં એકંદર ઘટાડો રહ્યો હતો. તો પણ વૃદ્ધિ આંશિક યથાવત્ છે. જોકે, વૈશ્વિક સંકેતો અને લોકસભાની ચૂંટણીને લીધે ભવિષ્ય બાબતે અમુક ચિંતાઓ છે. અત્યાર સુધીમાં કંપનીઓએ પડકારોને સહન કર્યા છે અને વિદેશના નવા કામકાજનો પ્રવાહ મેળવતી રહી છે.

પરંતુ ફુગાવાના દબાણને લીધે નવા ઓર્ડર અને ઉત્પાદન સપ્ટેમ્બરથી જ ધીમી ગતિએ વધ્યું છે. કંપનીઓએ કર્મચારીઓની ભરતી છેલ્લા આઠ મહિનામાં સૌથી ધીમી ગતિએ કરી છે. નજીકના ગાળામાં રિટેલ ફુગાવો નોંધપાત્ર વધશે. ફુગાવો ફેબ્રુઆરીમાં રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના મધ્યમ ગાળાના ચાર ટકાના

**ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર માર્ચમાં મંદ રહ્યું હતું. ફેક્ટરી ઓર્ડર, ઉત્પાદન, નિકાસ, આંતરિક ખરીદી અને કર્મચારીઓમાં એકંદર ઘટાડો રહ્યો**

લક્ષ્ય કરતા સતત સાતમાં મહિને નીચો રહ્યો છે. આથી વ્યાજ દરમાં ફરી ઘટાડો થાય તેવી શક્યતા છે.

સર્વેના મતે ફેક્ટરીઓમાં આશાવાદ ઑગસ્ટ પછી સૌથી વધુ વધ્યો છે, જે પાછળ સરકારની નીતિઓનો ટેકો છે. ડી લામાએ કહ્યું કે, નીતિઓ અને વ્યાજ દરમાં ઘટાડો જેવા નિર્ણયને લીધે ઉત્પાદન ક્ષેત્રને ટૂંકા ગાળા માટે ટેકો મળશે.










## સુરત આવકવેરા વિભાગ લક્ષ્યાંકથી દૂર રહ્યો : રૂા. ૯૨૮ કરોડ ઓછી આવક

સુરત,

કાપડ અને હીરા ઉપરાંત રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ ગુજરાતમાં શિરમોર હોવા છતાં સુરત આવકવેરા વિભાગ ગત




નાણાકીય વર્ષમાં કર લક્ષ્યાંક હાંસલ કરી શક્યું નથી. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના રૂા. ૪૬૬૫ કરોડના લક્ષ્યાંક સામે રૂા. ૩૭૩૭ કરોડની આવક થઇ હતી, જે માત્ર ૮૦.૧૨ ટકા છે. આમ લક્ષ્યાંક કરતાં ૨૦ ટકા ઓછી આવક થઇ છે. આંકડાની દ્દષ્ટિએ જોઇએ તો રૂા. ૪૬૬૫ કરોડના લક્ષ્યાંક સામે રૂા. ૯૨૮ કરોડની ઓછી આવક થઇ છે. પાછલા નાણાકીય વર્ષ કરતાં આવકવેરા વિભાગને રૂા. ૧૧ કરોડ જ આવક વધુ થઇ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂા. ૩૬૧૫ કરોડના લક્ષ્યાંક સામે રૂા. ૩૭૨૮ કરોડની આવક થઇ હતી.